પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૬ | ૬ જુન, ૨૦૨૨, સોમવાર; જયેષ્ઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પર્યાવરણની રક્ષા માટે એગ્રીકલ્ચર કોરીડોર

**માટી બચાવો આંદોલન કાર્યક્રમના સંબોધનમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, અમે આ વર્ષના બજેટમાં નક્કી કર્યું છે કે ગંગા કિનારે આવેલા ગામોમાં નેચરલ ફાર્મિંગને પ્રોત્સાહન આપીશું**



નવી દિલ્હી, તા.૫

રવિવારે વિશ્વ પર્યાવરણ દિવસ છે. પીએમ મોદીએ દિલ્હીમાં માટી બચાવો ચળવળકાર્યક્રમમાં ભાગ લીધો હતો. અહીં સંબોધન દરમિયાન પીએમ મોદીએ લોકોને કહ્યુ કે, પર્યાવરણ રક્ષાના ભારતના પ્રયાસો બહુપરીમાણીય રહ્યાં છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત આ પ્રયાસ ત્યારે કરી રહ્યું છે જ્યારે ક્લાઈમેટ ચેન્સમાં ભારતની ભૂમિકા નામ માત્ર છે. તેમણે કહ્યું કે વિશ્વના મોટા આધુનિક દેશ ન માત્ર ધરતીના વધુને વધુ સંસાધનોનો ઉપયોગ કરી રહ્યાં છે પરંતુ સૌથી વધુ કાર્બન એમિશન તેના ખાતામાં જાય છે.

પોતાના સંબોધનમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, અમે આ વર્ષના બજેટમાં નક્કી કર્યું છે કે ગંગા કિનારે આવેલા ગામોમાં નેચરલ ફાર્મિંગને પ્રોત્સાહન આપીશું, નેચરલ ફાર્મિંગનો એક વિશાળ કોરિડોર બનાવીશું. આપણા દરેક ખેતર કેમિકલ ફ્રી હશે, નમામિ ગંગે અભિયાનને પણ નવી તાકાત મળશે.

● અનુસંધાન પાન-૭ પર

## હીટવેવની ચપેટમાં ઘણા રાજ્યો : યલો એલર્ટ જાહેર

**ઉપ હિમાલયથી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે**

નવી દિલ્હી, તા.૫

ભારતીય હવામાન વિભાગે રાષ્ટ્રીય રાજધાનીમાં આગામી ચારથી પાંચ દિવસમાં આકાશ સ્વચ્છ સ્પષ્ટ રહેવાની ભવિષ્યવાણી કરી છે. દિલ્હી ફરી એકવાર લૂની ચપેટમાં છે. રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક ભાગોમાં પારો ૪૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે. આગ ઓકતી ગરમીમાંથી આગામી કેટલાક સુધી રાહત જોવા મળી રહી નથી. હવામાન વિભાગે દિલ્હીમાં અલગ-અલગ સ્થળો પર લૂની ચેતાવણી આપતાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



આગામી સાત દિવસના પૂર્વાનુમાનમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હીમાં આગામી ચાર દિવસ સુધી ભારે પવન સાથે આકાશ ચોખ્ખુ રહેશે. નજફગઢના હવામાન કેન્દ્રમાં અધિકતમ તાપમાન ૪૬.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું છે.

હવામાન કાર્યાલયે રવિવારે દિલ્હીમાં અલગ-અલગ સ્થળો પર લૂની ચેતાવણી આપતાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રવિવાર માટે હવામન વિભાગે અલગ-અલગ સ્થળો પર હીટ વેવની સ્થિતિની સાથે આંશિકરૂપથી વાદળ છવાયેલા રહેવાની આગામી દિવસોમાં ૨૦-૩૦ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. આઈએમડીએ કહ્યું કે દિલ્હીના અધિકતમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે.

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના નવા ૪૨૭૦ કેસ

**દેશમાં ચોથી લહેરના ભણકારા, કેરલની સ્થિતિ ખરાબ : પાછલા દિવસની તુલનામાં ૭.૮ ટકા વધુ કેસ નોંધાયા**

નવી દિલ્હી, તા.૫

દેશમાં કોરોનાની ચોથી લહેરના ભણકારા વાગી રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસ સંક્રમણના ૪૨૭૦ કેસ સામે આવ્યાં છે. તમને જણાવી દઈએ કે પાછલા દિવસની તુલનામાં ૭.૮ ટકા વધુ કેસ નોંધાયા છે. આ સાથે અત્યાર સુધી દેશમાં કોરોનાના કુલ ૪,૩૧,૭૬,૮૧૭ કેસ નોંધાયા છે. દેશમાં કેરલની સ્થિતિ સૌથી ખરાબ છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૬૫ નવા કેસની પુષ્ટિ થઈ છે.

સૌથી વધુ કોરોના કેસ નોંધાયા હોય તેવા પાંચ રાજ્યોમાં કેરલમાં ૧૪૬૫ કેસ, મહારાષ્ટ્રમાં ૧૩૫૭ કેસ, દિલ્હીમાં ૪૦૫ કેસ, કર્ણાટકમાં ૨૨૨ કેસ અને હરિયાણામાં ૧૪૪ કેસ નોંધાયા છે.


દેશમાં નોંધાયેલા નવા કેસમાં ૮૪.૧૪ ટકા કેસ માત્ર આ પાંચ રાજ્યોમાં સામે આવ્યા છે. માત્ર કેરલમાં જ ૩૪.૩૧ ટકા કેસ સામે આવ્યા છે. તો છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસમાં ૧૬૩૬નો વધારો થયો છે. કોરોના સંક્રમણને કારણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ દર્દીના મોત થયા છે. ત્યારબાદ કુલ મૃત્યુઆંક વધીને ૫,૨૪,૬૯૨ થઈ ગયો છે.

દેશમાં કોરોનાથી રિકવરી રેટ અત્યારે ૯૮.૭૩ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૨૬૧૯ દર્દી સાજા થયા છે, ત્યારબાદ દેશમાં અત્યાર સુધી ૪,૨૬,૨૮,૦૭૩ લોકો કોરોનાને માત આપી ચુક્યા છે.

દેશમાં કોરોના સામે રક્ષણ મેળવવા છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વેક્સીનના ૧૧ લાખ ૯૨ હજાર ૪૨૭ ડોઝ આપવામાં આવ્યા છે.

## બાઈડનનીની સુરક્ષામાં ચૂક, નો ફ્લાય ઝોનમાં ઘૂસ્યું વિમાન

**રાષ્ટ્રપ્રમુખને તાબડતોબ સેફ હાઉસમાં ખસેડાયા : Rehoboth Beach પર વેકેશન માણવા પહોંચેલા બાઈડનના વેકેશન હોમ પર એક વિમાન ઉડતું દેખાયું હતું**



વૉશિંગ્ટન, તા.૫

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડનની સુરક્ષામાં મોટી ચૂક થઈ હોવાની ઘટના સામે આવી છે. ડેલાવેરના **Rehoboth Beach** પર વેકેશન માણવા પહોંચેલા રાષ્ટ્રપ્રમુખ જો બાઈડનના વેકેશન હોમ પર એક અજાણ્યું વિમાન ઉડતું દેખાયુ હતું. નો ફલાય ઝોનમાં આ વિમાન દેખાતાં સિક્રેટ સર્વિસ દ્વારા તાબડતોબ જો બાઈડનને સેફ હાઉસ મોકલવામાં આવ્યા હતા. વ્હાઈટ હાઉસ દ્વારા સમગ્ર બાબતની પૃષ્ટિ કરવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ વિમાને વેકેશન હોમની ઉપર આવીને નો ફ્લાઈ ઝોનના નિયમનું ઉલ્લંઘન કર્યું છે. રાષ્ટ્રપ્રમુખ અને તેમના પરિવારની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સાવચેતીના ભાગ રૂપે તેમને સેફ હાઉસ મોકલવામાં આવ્યા છે. એક સ્થાનિક નિવાસીએ આ બાબતે જણાવ્યું કે, તેમણે બપોરે લગભગ ૧૨.૪૫ વાગ્યાની આસપાસ રાષ્ટ્રપ્રમુખ જો બાઈડનના ઘરની ઉપર એક નાના સફેદ વિમાનને ઉડતું જોયું.

## કાશ્મીર પ્રશાસને અમરનાથ યાત્રીકો માટે સૂચનો જાહેર કર્યા

**બે વર્ષના ગાળા બાદ ૩૦ જૂનથી અમરનાથ યાત્રા શરૂ : તંત્રએ અરનાથ યાત્રાના શ્રદ્ધાળુઓને ફિટ રહેવા માટે મોર્નિંગ વોક અને બ્રીથિંગ એક્સસાઇઝ કરવા માટે પણ કહ્યું છે**

શ્રીનગર, તા.૫

આશરે બે વર્ષના ગાળા બાદ ૩૦ જૂનથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. અમરનાથ યાત્રા પહેલાં જમ્મુ-કાશ્મીર વહીવટી તંત્રએ તીર્થયાત્રીકો માટે શું કરો અને શું ન કરોની યાદી જાહેર કરી છે. તેમાં તંત્રણે શ્રદ્ધાળુઓને ફિટ રહેવા માટે મોર્નિંગ વોક અને બ્રીથિંગ એક્સસાઈઝ કરવા માટે કહ્યું છે. અમરનાથ યાત્રા ૩૦ જૂને શરૂ થશે અને ૪૩ દિવસ ચાલશે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાના મુખ્ય સચિવ નિતીશ્વર કુમારે સાવચેતીના ઉપાયો વિશે માહિતી આપતા કહ્યું છે કે અમરનાથ યાત્રા પહેલાં તીર્થયાત્રી મોર્નિંગ વોક કરે, બ્રીધિંગ એક્સરસાઈઝ કરે અને ખુદને હાઈડ્રેટ રાખે. સાથે શ્રદ્ધાળુઓને ગરમ કપડા અને ખાવા-પીવાનો સામાન પણ સાથે રાખવાનું કહ્યું છે. અમરનાથ યાત્રા બે વર્ષના અંતર બાદ ૩૦ જૂનથી શરૂ થશે અને ૧૧ ઓગસ્ટ સુધી ચાલશે. નોંધનીય છે કે આ વર્ષે ઉત્તરાખંડમાં ચાર ધામની યાત્રા દરમિયાન ૯૦ શ્રદ્ધાળુઓના હાર્ટ એટેક, માઉન્ટેન સિકનેસ અને બીજા અન્ય કારણે જીવ ગયા હતા. એટલે હવે અમરનાથ યાત્રીકો માટે તંત્રએ દિશાનિર્દેશ જાહેર કર્યા છે.



નીતીશ્વર કુમારે કહ્યુ કે જે લોકોએ અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને તે જવા ઈચ્છે છે તે લોકો ૪થી ૫ કલાકની મોર્નિંગ વોક અને ઈવનિંગ વોક શરૂ કરે. આ ખુબ જરૂરી છે કારણ કે ઉંચા પહાડો પર ચઢવુ સરળ રહેશે નહીં. અમરનાથની ગુફા ૧૨ હજાર ૭૦૦ ફૂટની ઉંચાઈ પર છે અને રસ્તામાં ઘણી એવી જગ્યા આવશે જ્યાં તમારે ૧૪-૧૫ હજાર ફૂટની ઉંચાઈ પર જવુ પડશે. આ સાથે ઉંડો શ્વાસ લેવાની કસરત પણ કરવી જરૂરી છે, કારણ કે વધુ ઉંચાઈ પર ઓક્સીજન લેવલ ઘટી જાય છે.

## ઉત્તર કોરિયા દ્વારા ૮ બેલિસ્ટિક મિસાઈલ લોન્ચ કરવામાં આવી

**અમેરિકાની ધમકીની કિમ પર કોઈ અસર નહીં : કિમ જોંગ ઉને પોતાની સૌથી મોટી અંતરમહાદ્વીપીય બેલિસ્ટિક મિસાઇલ સહિત અન્ય મિસાઇલનું પરીક્ષણ કર્યું**



પ્યોંગયાંગ, તા.૫

અમેરિકાની ધમકી છતાં ઉત્તર કોરિયાએ પોતાના પૂર્વી કિનારાથી સમુદ્રી તરફ આઠ બેલિસ્ટિક મિસાઈલો લોન્ચ કરી છે. ન્યૂઝ એજન્સી એએફપીએ તેની પુષ્ટિ કરી છે. એક સર્વોચ્ચ અમેરિકી દૂતનું દક્ષિણ કોરિયામાં સિયોલથી પ્રસ્થાન કરવાના એક દિવસ બાદ આ ભયાનક પ્રક્ષેપણ થયું છે. દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે જણાવ્યું કે મિસાઈલને ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગના સુનન વિસ્તારમાં લોન્ચ કરવામાં આવી છે.

જાપાનની ક્યોદો સમાચાર એજન્સીએ એક સરકારી સૂત્રના હવાલાથી તે પણ કહ્યું કે, ઉત્તર કોરિયાએ ઘણી મિસાઈલ લોન્ચ કરી છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને પોતાની સૌથી મોટી અંતરમહાદ્વીપીય બેલિસ્ટિક મિસાઈલ સહિત અન્ય મિસાઈલનું પરીક્ષણ કર્યું છે.

## કોરોના વાયરસથી સંક્રમિત થઈ એક્ટ્રેસ કેટરિના કૈફ

**કેટરિના મેરી ક્રિસમસનું શૂટિંગ શરૂ કરવાની હતી, પણ રિપોર્ટ પોઝિટિવ આવતા શૂટિંગ રિશિડ્યુલ કરાયું છે**

મુંબઈ, તા.૫

બોલિવૂડ એક્ટ્રેસ કેટરિના કૈફ ફરી એકવખત કોરોનાગ્રસ્ત થઈ છે. એક્ટ્રેસ કેટરિના કૈફનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેટરિના કૈફ બીજી વખત કોરોના વાયરસથી સંક્રમિત થઈ છે. કેટરિના કૈફનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેની અપકમિંગ ફિલ્મનું શૂટિંગ શેડ્યુલ લંબાવાયું છે. એક ન્યૂઝ રિપોર્ટ મુજબ, કોરોના વાયરસ સંક્રમિત થયેલી કેટરિના કૈફે તેનો ક્વોરન્ટિન પીરિયડ પૂરો કરી લીધો છે. તે ગત અઠવાડિયે પોતાની અપકમિંગ ફિલ્મ 'મેરી ક્રિસમસ'નું શૂટિંગ શરૂ કરવાની હતી પણ તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા શૂટિંગ રિશિડ્યુલ કરાયું છે.



જ્યાં એકબાજુ સમગ્ર દેશમાં કોરોના વાયરસના કેસોમાં ભારે ઘટાડો થયો છે ત્યાં બીજી બાજુ બોલિવૂડમાં એક પછી એક કોરોના વાયરસના નવા કેસો સામે આવી રહ્યા છે. થોડા દિવસ પહેલા અક્ષય કુમારનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

## બીજેપી પ્રવક્તા નુપુર શર્માએ અંતે માંગી માફી

નવી દિલ્હી, તા.૫

બીજેપી પ્રવક્તા નુપુર શર્માએ તાજેતરમાં જ પયગંબર મોહમ્મદ પર એક વિવાદિત નિવેદન આપ્યું હતું, જે બાદ દેશની રાજનીતિમાં ભૂકંપ આવી ગયો છે. બીજી તરફ મામલાની ગંભીરતાને જોતા ભાજપે નુપુર શર્માને પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરી દીધા છે. પાર્ટી દ્વારા લેવામાં આવેલી કડક કાર્યવાહી બાદ નૂપુરે સમગ્ર મામલે ખેદ વ્યક્ત કરતા માફી માંગી છે. મ્તઁએ નૂપુર શર્માને પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરી દીધા છે. બીજેપી પ્રવક્તા નુપુર શર્માએ તાજેતરમાં જ પયગંબર મોહમ્મદ પર એક વિવાદિત નિવેદન આપ્યું હતું, જે બાદ તેના પર ઘણો વિરોધ પણ વ્યકત કરવામાં આવ્યો હતો.

## નૂપુર શર્મા-નવીન જિંદાલને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયા

**મહંમદ પયગંબર પર કરી હતી વિવાદીત ટિપ્પણી : તાજેતરમાં જ એક ટીવી ડિબેટ દરમિયાન નૂપુર શર્માએ જ્ઞાનવાપી મસ્જિદ મામલાને લઈને મત રજૂ કર્યો હતો**

નવી દિલ્હી, તા.૫

ભારતીય જનતા પાર્ટીએ નૂપુર શર્મા અને નવીન જિંદાલને પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરી દીધા છે. ભાજપ પ્રવક્તા નૂપુર શર્માએ તાજેતરમાં જ મહંમદ પયગંબર પર વિવાદીત ટિપ્પણી કરી હતી, તે પછી તેને લઈને ઘણો વિરોધ પણ થયો હતો. તેમની ટિપ્પણીથી થયેલા હંગામા બાદ ભાજપ તરફથી કાર્યવાહી કરવામાં આવી છે. નૂપુર શર્માની સાથે જ ભાજપ મીડિયા પ્રભારી નવીન જિંદાલને પણ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરી દેવાયા છે.

ભાજપ તરફથી રવિવારે જ એક સ્ટેટમેન્ટ બહાર પાડી કહેવાયું કે, પાર્ટી બધા ધર્મોનું સન્માન કરે છે. ભાજપે કહ્યું કે, પાર્ટી કોઈપણ ધર્મ સાથે જોડાયેલા વ્યક્તિત્વની ટીકાની કડક નિંદા કરે છે. ભાજપના આ નિવેદનને પાર્ટીના નેતા નૂપુર શર્માની ટિપ્પણીના સંદર્ભમાં જોવામાં આવી રહ્યું હતું. જોકે, પાર્ટીએ પોતાના નિવેદનમાં નૂપુર શર્માનો સીધો ઉલ્લેખ કર્યો ન હતો. તો, તેના થોડા સમય પછી જ નૂપુર શર્માને સસ્પેન્ડ કરાયાના અહેવાલ આવ્યા છે. ભારતીય જનતા પાર્ટી તરફથી જાહેર કરાયેલા પત્રમાં એ વાતનો ઉલ્લેખ છે કે, નૂપુર શર્માએ જે મત રજૂ કર્યો તે પાર્ટીના નિયમોની વિરુદ્ધ છે. એટલે પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરવામાં આવે છે. તો, નવીન કુમાર જિંદાલ માટે દિલ્હી ભાજપ તરફથી જે પત્ર જાહેર કરાયો છે, તેમાં એ વાતનો ઉલ્લેખ છે કે, સોશિયલ મીડિયા પર સાંપ્રદાયિક સદભાવના ભડકાવતા વિચારો રજૂ કરાયા છે. તમારું સભ્યપદ તાત્કાલિક પ્રભાવથી સમાપ્ત કરવામાં આવે છે અને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. તાજેતરમાં જ એક ટીવી ડિબેટ દરમિયાન નૂપુર શર્માએ જ્ઞાનવાપી મસ્જિદ મામલાને લઈને પોતાનો મત રજૂ કર્યો હતો.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.